## જમ્મુ-કાશ્મીરમાં પાકિસ્તાની આતંકવાદી ઠાર મરાયો

શ્રીનગર, તા. 15 (PTI): સેનાએ રવિવારે જણાવ્યું હતું કે, તેણે જમ્મુ-કાશ્મીરના ઉરી સેક્ટરમાં નિયંત્રણ રેખા પર ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો છે અને એક પાકિસ્તાની આતંકવાદીને ઠાર કર્યો છે. સેનાની શ્રીનગર સ્થિત ચિનાર કોર્પ્સે તેના એક્સ હેન્ડલ પર પોસ્ટ કર્યું છે કે, "ઘૂસણખોરીના પ્રયાસ અંગે જમ્મુ-કાશ્મીર પોલીસ દ્વારા આપવામાં આવેલી ચોક્કસ ગુપ્ત માહિતીના આધારે, 14-15 માર્ચ 26ની મધ્યવર્તી રાત્રે ઉરી સેક્ટરના બુછ્છર વિસ્તારમાં સંયુક્ત ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું." સેનાએ જણાવ્યું હતું કે, સૈનિકોએ ઝાડીઓમાં એક આતંકવાદીની શંકાસ્પદ હિલચાલ જોઈ હતી.

## સરકારે પદ્મ પુરસ્કારના નામાંકનો સ્વીકારવાનું શરૂ કર્યું

**નવી દિલ્હી.** લોકોની અસાધારણ સિદ્ધિઓ અને સેવા બદલ પ્રજાસત્તાક દિવસ 2027ના રોજ જાહેર થનારા પદ્મ પુરસ્કારો માટે નામાંકન અને ભલામણો સ્વીકારવાની પ્રક્રિયા રવિવારથી શરૂ થઈ છે. સરકારી નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, નામાંકન દાખલ કરવાની છેલ્લી તારીખ 31 જુલાઈ, 2026 છે. પદ્મ પુરસ્કારો માટેના નામાંકન અને ભલામણો માત્ર રાષ્ટ્રીય પુરસ્કાર પોર્ટલ https://awards.gov.in પર ઓનલાઇન જ સ્વીકારવામાં આવશે. પદ્મ પુરસ્કારો, એટલે કે પદ્મ વિભૂષણ, પદ્મ ભૂષણ અને પદ્મ શ્રી, દેશના સર્વોચ્ચ નાગરિક સન્માનોમાંના એક છે. આ પુરસ્કારોની સ્થાપના 1954માં થઈ ત્યારથી દર વર્ષે પ્રજાસત્તાક દિવસના અવસરે 'વિશિષ્ટ કાર્ય'ને માન્યતા આપવા માટે આ પુરસ્કારોની જાહેરાત કરવામાં આવે છે.

## CBIએ કરુર નાસભાગ મામલે વિજયની સાત કલાક સુધી પૂછપરછ કરી

નવી દિલ્હી, તા. 15 (પીટીઆઈ): સીબીઆઈ દ્વારા રવિવારે અહીં તેના મુખ્ય મથકે અભિનેતા અને ટીવીકે પ્રમુખ વિજયની ગયા વર્ષે તમિલનાડુના કરુરમાં તેમની રેલી દરમિયાન થયેલી નાસભાગ અંગે સાત કલાકથી વધુ સમય સુધી પૂછપરછ કરવામાં આવી હતી, જેમાં 41 લોકોનાં મોત થયાં હતાંય. એમ અધિકારીઓએ જણાવ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું કે, પૂછપરછ અને સંબંધિત ઔપચારિકતાઓ સાંજે 6 વાગ્યાની આસપાસ પૂર્ણ થયા બાદ અભિનેતા એજન્સીના મુખ્યાલયથી રવાના થયા હતા. વિજય માટે પૂછપરછનું આ ત્રીજું સત્ર હતું. જાન્યુઆરીમાં તેમની બે વાર પૂછપરછ કરવામાં આવી હતી. વિજયને અગાઉ 9 માર્ચે સમન્સ પાઠવવામાં આવ્યા હતા. જોકે, તેમણે વિનંતી કરી હતી કે આ તારીખને 15 દિવસ માટે મોકૂફ રાખવામાં આવે.

## ભાજપની વિજયને ડેપ્યુટી સીએમ અને TVKને 80 બેઠકોની ઓફર

**ચેન્નાઈ.** જો આગામી તમિલનાડુ વિધાનસભા ચૂંટણીમાં એનડીએનો વિજય થાય તો ભાજપે તમિલગા વેટ્રી કઝગમ (ટીવીકે)ના પ્રમુખ વિજયને તમિલનાડુના ડેપ્યુટી ચીફ મિનિસ્ટર પદની ઓફર કરી છે. એમ પક્ષના સૂત્રોએ જણાવ્યું છે. બેઠકોની વહેંચણીની સૂચિત વ્યવસ્થાના ભાગરૂપે, ભગવા પક્ષે ટીવીકેને અંદાજે 80 બેઠકોની ઓફર પણ કરી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ચૂંટણી પહેલા બંને પક્ષો વચ્ચેની વાતચીત અંતિમ તબક્કામાં પહોંચી છે.

જો આ ગઠબંધન સાકાર થાય તો રાજ્યમાં ચૂંટણીના સમીકરણો બદલાઈ શકે છે, જ્યાં મતોની ટકાવારીમાં થોડો ફેરફાર પણ ઘણીવાર રસાકસીભરી બેઠકોનું પરિણામ નક્કી કરે છે. વિજય પણ મુખ્યમંત્રી પદ પર નજર રાખી રહ્યા છે, જે વાટાઘાટોમાં એક મુખ્ય મુદ્દો બની રહ્યો છે.

## દિલ્હીના નેચર બજારમાં ભીષણ આગ લાગતાં 50 દુકાનો બળીને ખાખ

**નવી દિલ્હી.** દક્ષિણ દિલ્હીના અંધેરિયા મોડ વિસ્તારમાં આવેલા નેચર બજારમાં રવિવારે સવારે ભીષણ આગ ફાટી નીકળી હતી, જેમાં અંદાજે 50 જેટલી દુકાનો બળીને ખાખ થઈ ગઈ હતી અને મોટા પાયે અગ્નિશમન કામગીરી હાથ ધરવામાં આવી હતી. એમ દિલ્હી ફાયર સર્વિસ (ડીએફએસ)ના એક અધિકારીએ જણાવ્યું હતું. ડીએફએસ મુજબ, આગ અંગેનો કોલ સવારે 7.37 વાગ્યે મળ્યો હતો. ત્યાર બાદ આગ પર કાબૂ મેળવવા માટે 10 ફાયર ટેન્ડરો (બંબા) ઘટનાસ્થળે દોડી ગયા હતા. આ ઘટનામાં કોઈને ઈજા થઈ હોવાના અહેવાલ નથી.

# નેતન્યાહુએ નવા વીડિયોમાં તેમના મૃત્યુની અફવાઓની મજાક ઉડાવી

**નેતાન્યાહુએ** બંને હાથની આંગળીઓ દર્શાવીને કહ્યું હું કોફી માટે મરી ફીટું છું



જેરુસલેમ, તા. 15 : ઈઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુએ ઈરાની હુમલામાં તેઓ માર્યા ગયા હોવાની સોશિયલ મીડિયા પર ફેલાયેલી અફવાઓને ફગાવી દીધી છે. તેઓ એક વીડિયો સંદેશમાં જોવા મળ્યા હતા, જેમાં તેમણે એક કેફેમાં કોફી પીતાં-પીતાં આ દાવાઓ પર મજાક કરી હતી.

સોશિયલ મીડિયા પર આ અફવાઓ ત્યારે તેજ થઈ જ્યારે અમુક ષડયંત્રકારી થિયરીઓમાં દાવો કરવામાં આવ્યો કે, ઈઝરાયેલના વડા પ્રધાનનું મૃત્યુ થયું છે. નેતન્યાહુએ પોતે જીવિત છે અને પોતાની ફરજો બજાવી રહ્યા છે તે દર્શાવવા માટે એક નવો વીડિયો જાહેર કરીને આ અફવાઓનો સીધો જવાબ આપ્યો હતો. એક્સ પર પોસ્ટ કરવામાં આવેલા આ વીડિયો સંદેશમાં નેતન્યાહુ કોફી ઓર્ડર કરતાં અને અફવાઓ વિશે મજાક કરતાં જોવા મળે છે. તેમના મૃત્યુના ખોટા અહેવાલોનો ઉલ્લેખ કરતાં તેમણે મજાકમાં કહ્યું, હું કોફી માટે મરી ફીટું છું. જે એક પ્રચલિત હિબ્રૂ અભિવ્યક્તિ છે જેનો અર્થ થાય છે કોઈ વસ્તુ પ્રત્યે ખૂબ જ પ્રેમ હોવો.



સ્પેનના વેલેન્સિયામાં એક કેફેમાં લોકો ભોજનનો આનંદ માણી રહ્યા છે અને પૃષ્ઠભૂમિમાં એક 'ફાયા' જોવા મળે છે. અહીં બે અઠવાડિયા સુધી ચાલતા આ ઉત્સવની વિશેષતા કાગળના માવા, પૂંઠા અને લાકડામાંથી બનેલી આવી વિશાળ મૂર્તિઓ છે, જે કાલ્પનિક કે વાસ્તવિક લોકો અને પરિસ્થિતિઓને દર્શાવે છે. આ શિલ્પોથી શહેરની શેરીઓને શણગારવામાં આવે છે અને પરંપરાગત રીતે 19 માર્ચના રોજ તેને અગ્નિદાહ આપવામાં આવે છે. લેસ ફાયાસ એ માત્ર સ્પેનનો જ નહીં, પણ સમગ્ર વિશ્વના સૌથી અનોખા અને જીવંત ઉત્સવોમાંનો એક છે. તેને યુનેસ્કો દ્વારા 'અમૂર્ત સાંસ્કૃતિક વારસા' તરીકે પણ માન્યતા આપવામાં આવી છે.

# ઈરાનની ધમકી વચ્ચે અખાતી દેશોએ નવા મિસાઈલો, ડ્રોન્સ આંતર્યા

**ઈરાનના** વિદેશ મંત્રીએ કહ્યું કે પાડોશી દેશો સાથે તનાવ ઘટાડવા વાટાઘાટો ચાલુ, જો કે તેમાં પ્રગતિ અંગે કોઇ સ્પષ્ટતા નહીં

### ઇઝરાયેલ પર ઈરાનના નવા મિસાઈલ હુમલા: ૨૩ સ્થળે નુકસાન

રવિવારે ઈરાને ઇઝરાયેલ તરફ મિસાઈલોનો મારો ચલાવ્યો હતો, જેના કારણે સાયરન વાગતા જ રહેવાસીઓ આશ્રયસ્થાનો તરફ દોડી ગયા હતા. મધ્ય ઇઝરાયેલ અને તેલ અવીવ વિસ્તારમાં અનેક મિસાઈલ ત્રાટકી હતી. ઇઝરાયેલની બચાવ સેવા દ્વારા એક વીડિયો જાહેર કરવામાં આવ્યો છે, જેમાં રસ્તા પર એક મોટો ખાડો અને એપાર્ટમેન્ટ બિલ્ડિંગને થયેલું નુકસાન જોઈ શકાય છે. તેલ અવીવ વિસ્તારમાં થયેલા હુમલાઓને કારણે રવિવારે 23 સ્થળોએ નુકસાન થયું હતું અને એક જગ્યાએ નાની આગ પણ લાગી હતી.

કાઈરો, તા. 15(AP): ઈરાને પોતાના સૈન્ય અભિયાનને વ્યાપક બનાવવાની ધમકી આપ્યા બાદ અને સંયુક્ત આરબ અમીરાત (UAE)ના ત્રણ મોટા બંદરો ખાલી કરવા માટે જણાવ્યા પછી, રવિવારે ગલ્ફના આરબ દેશોએ નવા મિસાઈલ અને ડ્રોન હુમલાની જાણકારી આપી છે. મધ્ય પૂર્વમાં ચાલી રહેલું આ યુદ્ધ હવે તેના ત્રીજા સપ્તાહમાં છે અને વધુ વિસ્તરી રહ્યું છે.

ઈઝરાયેલ અને અમેરિકાએ 28 ફેબ્રુઆરીએ ઈરાન પર હુમલો કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે તેઓ પરમાણુ અને સૈન્ય મથકો પર હુમલો કરી રહ્યા છે અને ઈરાની જનતાને તેમના નેતાઓ વિરુદ્ધ બળવો કરવા પ્રોત્સાહિત કરી રહ્યા છે. તેના જવાબમાં ઈરાને ઈઝરાયેલ અને પર્સિયન ગલ્ફના પડોશી દેશો સામે હુમલાઓ તેજ કર્યા છે. યુદ્ધ દરમિયાન ઈરાને UAE, બહેરીન, સાઉદી અરેબિયા, કતાર અને ઓમાન પર સેંકડો મિસાઈલો અને ડ્રોન છોડ્યા છે. ઈરાનનું કહેવું છે કે તે અમેરિકી સંપત્તિઓને નિશાન બનાવી રહ્યું છે, તેમ છતાં એરપોર્ટ અને તેલ ક્ષેત્રો જેવા નાગરિક સ્થળો પર હુમલાના અહેવાલો મળ્યા છે. જોકે આ દેશોની એર ડિફેન્સ સિસ્ટમે મોટાભાગના હુમલાઓને નિષ્ફળ બનાવ્યા છે.

# કાંશીરામને ભારત રત્ન આપવા રાહુલે વડાપ્રધાનને પત્ર લખ્યો

**બસપાના** આ સ્થાપકની જન્મજયંતિએ તેમને દેશનું સર્વોચ્ચ સન્માન આપવાની માગણી ઉગ્ર બની

**માયાવતીએ** પણ કાંશીરામને ભારતરત્ન આપવાની માગ દોહરાવી તેમને ભારત રત્ન નહીં આપવા બદલ કોંગ્રેસની ઝાટકણી કાઢી

નવી દિલ્હી, તા. ૧૫(પીટીઆઈ): રવિવારે બસપાના સ્થાપક કાંશીરામની જન્મજયંતિ પર તેમને 'ભારત રત્ન' આપવાની માંગ તેજ બની હતી. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને ઉત્તર પ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી માયાવતી એમ બંનેએ આ દલિત આઈકોન માટે દેશના સર્વોચ્ચ નાગરિક સન્માનની માંગ કરી હતી.

રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને કાંશીરામને મરણોત્તર ભારત રત્ન એનાયત કરવાની અપીલ કરી હતી. બીજી તરફ, બહુજન સમાજ પાર્ટી (BSP)ના વડા માયાવતીએ જણાવ્યું હતું કે, કોંગ્રેસે બી.આર. આંબેડકર સાથે જે ભૂલ કરી હતી તેનું પુનરાવર્તન સરકારે ન કરવું જોઈએ અને કોઈપણ વિલંબ કર્યા વિના પાર્ટીના સ્થાપકને આ સન્માન આપવું જોઈએ. બસપા દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં માયાવતીને ટાંકીને કહેવામાં આવ્યું છે કે, જેમ કોંગ્રેસ પાર્ટીએ ભારતીય બંધારણના ઘડવૈયા બાબાસાહેબ ડો. ભીમરાવ આંબેડકરને ભારત રત્નથી સન્માનિત કર્યા નહોતા, તેવી જ રીતે કેન્દ્રની વર્તમાન ભાજપ-એનડીએ સરકારે પણ બહુજન નેતા કાંશીરામજીને ભારત રત્ન આપવા માટે વધુ વિલંબ કરવો જોઈએ નહીં.

# UAEમાં ફેક ન્યૂઝ ફેલાવવા બદલ ૧૯ ભારતીય સહિત ૩૫ની ધરપકડ

**સોશિયલ** મીડિયા પર ગેરમાર્ગે દોરતી બનાવટી વીડિયો ક્લિપ્સ ફરતી કરવા બદલ આ પગલા લેવાયા

દુબઈ, તા. 15 (PTI): ઈઝરાયેલ-અમેરિકા-ઈરાન યુદ્ધને કારણે પ્રવર્તી રહેલા પ્રાદેશિક તણાવ વચ્ચે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ગેરમાર્ગે દોરતી અને બનાવટી વીડિયો ક્લિપ્સ પ્રકાશિત કરવા બદલ સંયુક્ત આરબ અમીરાત (યુએઈ)એ રવિવારે 19 ભારતીયો સહિત 35 વ્યક્તિઓની ધરપકડનો આદેશ આપ્યો છે.

યુએઈની સત્તાવાર સમાચાર એજન્સી 'વામ'એ જણાવ્યું હતું કે, આરોપીઓને ઝડપી સુનાવણી માટે મોકલવામાં આવ્યા છે. શનિવારે જે 10 લોકોના નામ આપવામાં આવ્યા હતા અને જેમની ધરપકડનો આદેશ અપાયો હતો (જેમાં બે ભારતીયો સામેલ હતા), તેમનાથી અલગ રવિવારે જાહેર કરાયેલી નવી યાદીમાં વિવિધ રાષ્ટ્રીયતા ધરાવતી 25 વ્યક્તિઓ સામેલ છે, જેમાં 17 ભારતીયોના નામ છે. એટર્ની જનરલ ડો. હમદ સૈફ અલ શમ્સ દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદન મુજબ, આ પગલું ડિજિટલ પ્લેટફોર્મ્સ પરની કડક દેખરેખ પછી લેવામાં આવ્યું છે. જેનો હેતુ ખોટી માહિતી અને આર્ટિફિશિયલ કન્ટેન્ટના ફેલાવાને રોકવાનો છે, જે જાહેર વ્યવસ્થાને બગાડીને સામાન્ય સ્થિરતાને નુકસાન પહોંચાડવાના ઈરાદે ફેલાવવામાં આવે છે.

# તેલંગાણામાં ફાર્મહાઉસ પર દરોડામાં સાંસદ, ધારાસભ્યનો ડ્રગ ટેસ્ટ પોઝિટિવ

**ટીડીપી** સાંસદ અને બીઆરએસના માજી ધારાસભ્ય સહિત કુલ છનો ડ્રગ ટેસ્ટનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો

હૈદરાબાદ, તા. 15 (PTI): આંધ્ર પ્રદેશના ટીડીપી સાંસદ પુટ્ટા મહેશ કુમાર અને ભૂતપૂર્વ બીઆરએસ ધારાસભ્ય પાયલટ રોહિત રેડ્ડી સહિત 11 લોકોની અહીં નજીક મોઈનાબાદમાં એક ફાર્મહાઉસ પર કથિત ડ્રગ્સના દરોડા બાદ અટકાયત કરવામાં આવી હતી. જોકે, સાંસદ અને અન્ય સાત લોકોને બાદમાં રવિવારે મુક્ત કરવામાં આવ્યા હતા. એમ અધિકારીઓએ જણાવ્યું હતું. મહેશ કુમાર, રોહિત રેડ્ડી અને અન્ય ચાર લોકોના કથિત નશીલા દ્રવ્યોના સેવન માટેના રિપોર્ટ પોઝિટિવ આવ્યા હતા. ચોક્કસ માહિતીના આધારે કે રોહિત રેડ્ડીની માલિકીના મોઈનાબાદ સ્થિત ફાર્મહાઉસ પર કેટલાક લોકો એકઠા થયા હતા અને માદક દ્રવ્યો તેમજ મોટી માત્રામાં દારૂ સાથે પાર્ટી કરી રહ્યા હતા.

# એપ્સ્ટેઈન નેટવર્ક અમેરિકામાં 9/11 સ્ટાઈલના હુમલાનું કાવતરું ઘડે છે : ઈરાન

**આવું** કરીને ઇરાન પર દોષ ઢોળી દેવાનું ષડયંત્ર રચાઇ રહ્યું હોવાનો ઇરાનના સુરક્ષા વડા લારીજાનીનો દાવો

તહેરાન, તા. ૧૫: મધ્ય પૂર્વમાં સંઘર્ષ સતત તીવ્ર બની રહ્યો છે ત્યારે, ઈરાનના એક ટોચના સુરક્ષા અધિકારીએ દોષિત પેડોફાઈલ જેફરી એપ્સટાઈન સાથે જોડાયેલી અમેરિકાની લોબી પર એક ગંભીર અને વિસ્ફોટક આરોપ લગાવ્યો છે. તેમણે દાવો કર્યો છે કે આ નેટવર્ક સપ્ટેમ્બર 11 (9/11) જેવો જ એક આતંકવાદી હુમલો કરવાનું કાવતરું ઘડી રહ્યું છે, જેથી તેનો ખોટો આરોપ તેહરાન પર લગાવી શકાય. ઈરાનની સર્વોચ્ચ રાષ્ટ્રીય સુરક્ષા પરિષદના સચિવ અલી લારીજાનીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, મેં સાંભળ્યું છે કે એપ્સટાઈનના નેટવર્કના બાકી રહેલા સભ્યોએ 9/11 જેવી જ એક ઘટના સર્જવાનું અને તેનો દોષ ઈરાન પર નાખવાનું કાવતરું ઘડ્યું છે. તેમની આ ટિપ્પણી એવા સમયે આવી છે જ્યારે ઈરાન અને અમેરિકા વચ્ચે તણાવ અત્યંત ઊંચા સ્તરે છે.

## પેજ3

## ઓસ્કાર એવોર્ડ સમારોહ આજે, 16 નોમિનેશન સાથે સિનર્સનો નવો રેકોર્ડ

બીજીવાર ઓસ્કાર પ્રેઝન્ટર બનનારી પ્રિયંકા ચોપરા પહેલી ભારતીય, સિનર્સ 11 એવોર્ડ જીતશે તો ખાસ લિસ્ટમાં સામેલ થશે



લોસ એન્જલસ, તા. 15 : 98મો એકેડેમી એવોર્ડ સમારોહ આવતીકાલે સોમવારે 16મી માર્ચે અહીંના ડોલ્બી થિયેટરમાં યોજાશે. તેનું પ્રસારણ ભારતીય સમય મુજબ સવારે 4.30 વાગ્યે શરૂ થશે. આ વર્ષે કોઈ પણ ભારતીય ફિલ્મને ઓસ્કાર નોમિનેશન મળ્યું નથી, જોકે ભારતીય મૂળના ફિલ્મ નિર્માતા ગીતા ગંભીરની બે દસ્તાવેજી ફિલ્મો 'ધ પરફેક્ટ નેબર' માટે બેસ્ટ ડોક્યુમેન્ટરી ફીચર ફિલ્મ અને બીજું 'ધ ડેવિલ ઇઝ બિઝી' માટે બેસ્ટ ડોક્યુમેન્ટરી શોર્ટ ફિલ્મ કેટેગરીમાં ઓસ્કાર નોમિનેશન મળ્યા છે. પ્રિયંકા ચોપરા 2016 પછી ફરીથી ઓસ્કાર પ્રેઝન્ટ કરશે. તે બે વાર આ એવોર્ડ પ્રેઝન્ટર બનનારી એકમાત્ર ભારતીય બનશે. આ વર્ષે, હોલીવુડ ફિલ્મ "ધ સિનર" એ 16 ઓસ્કાર નોમિનેશન મેળવીને રેકોર્ડ બનાવ્યો. અગાઉ, આ રેકોર્ડ ઓલ અબાઉટ ઇવ (૧૯૫૦), ટાઇટેનિક (૧૯૯૭) અને લા લા લેન્ડ (૨૦૧૬) ના નામે હતો, જેને કુલ ૧૪ નોમિનેશન મળ્યા હતા. જો તે 11 થી વધુ ઓસ્કાર એવોર્ડ જીતશે તો તે વિશ્વમાં સૌથી વધુ ઓસ્કાર જીતનારી ફિલ્મ બનશે. હાલમાં, આ રેકોર્ડ 1997 ની "ટાઇટેનિક", 2003 ની "લોર્ડ ઓફ ધ રિંગ્સ" અને 1995 ની "બેન-હર" ના નામે છે.

## હની સિંઘના કોન્સર્ટમાં મચી અફરાતફરી, સ્ટાફ અને લોકો વચ્ચે મારામારી



નવી દિલ્હી, તા. 15 : સિંગર અને રેપર યો યો હની સિંહે શનિવાર, 14 માર્ચના રોજ ઈન્દિરા ગાંધી ઇન્ડોર સ્ટેડિયમમાં તેમના 'માય ચેપ્ટર - ઇન્ડિયા ટૂર'ની શરૂઆત કરી હતી. કોન્સર્ટના ઘણા વીડિયોમાં તેમનું જબરદસ્ત પર્ફોર્મન્સ જોવા મળી રહ્યું છે, જોકે, અહેવાલો અનુસાર, કોન્સર્ટમાં તે સમયે અફરાતફરી મચી ગઈ જ્યારે ફેન્સ અને શોના સ્પોન્સર ટીમના સભ્યો વચ્ચે કથિત રીતે એક મોટી અથડામણ થઈ. એક ઇન્સ્ટાગ્રામ હેન્ડલ પર શેર કરવામાં આવેલા વાયરલ વીડિયોમાં હની સિંહના કોન્સર્ટ દરમિયાન સ્પોન્સરના સભ્યો અને કેટલાક લોકો વચ્ચે હિંસક અથડામણ જોવા મળી રહી છે, જેમાં બંને પક્ષો એકબીજાને આક્રમક રીતે મારતાં નજરે પડે છે. ભીડમાં અફરાતફરી મચી હોવા છતાં સિંગરે કથિત રીતે આ લડાઈથી અજાણ રહીને પોતાનું પર્ફોર્મન્સ ચાલુ રાખ્યું હતું.

## ડેવિડ ધવને ગોવિંદાનાં વખાણ કરતાં કહ્યું : તે મોડો આવે છે પણ પોતાનું કામ કરીને જાય છે



મુંબઈ, તા. 15 : 'ધ ગ્રેટ ઇન્ડિયન કપિલ શો'ની ચોથી સીઝનનો ગ્રાન્ડ ફિનાલે 14 માર્ચે હતો. આ એપિસોડમાં ડેવિડ ધવન અને પુત્ર વરુણ ધવન મહેમાન તરીકે આવ્યા હતા. આખો એપિસોડ ખૂબ જ મજેદાર રહ્યો. પિતા-પુત્રએ એકબીજાના અંગત જીવનના કિસ્સાઓ તો સંભળાવ્યા જ, સાથે ફિલ્મોના શૂટિંગના કિસ્સાઓ પણ સંભળાવ્યા, જે સાંભળીને બધા હસી પડ્યા. આ દરમિયાન ડેવિડ ધવને ગોવિંદા વિશે વાત કરી અને તેના મોડા આવવાના કિસ્સાઓ પર અભિનેતાનો બચાવ કર્યો. તેમણે ગોવિંદાના જોરદાર વખાણ કર્યાં. ડેવિડ ધવને કહ્યું, ''લોકો કહે છે ને કે તે સેટ પર મોડો આવે છે, આજે કોણ મોડું નથી આવતું? તે મોડો આવે છે, પણ પોતાનું કામ પૂરું કરીને જાય છે.''


### -: વેચાણ અંગેની જાહેર નોટીસ :-

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ સુરતના, સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકા પુણાના, ગામ **મોજે : કઠોદરા, ખાતા નં.૨૮૨, રે.સ.નં. ૨૩૨, જેનો જૂનો બ્લોક નંબર : ૨૦૦, જેનો પ્રમોલગેશન/રી-સર્વે બાદનો નવો બ્લોક નંબર : ૨૨૯** થી નોંધાયેલી હે. ૧-૨૦-૫૦ આરે ચો.મી.. આકાર રૂ.૧૩.૪૦ પૈસા વાળી જુની શરતની ખેતીની જમીન, તેના માલીક/કબ્જેદાર એવા... **(૧) રમીલાબેન તે રમેશચંદ્ર મગનલાલ પટેલની વિધવા, (૨) ધર્મેશકુમાર રમેશચંદ્ર, (૩) આશીતાબેન રમેશચંદ્ર, (૪) રક્ષીતાબેન રમેશચંદ્ર, (૫) નિર્મલકુમાર રમેશચંદ્ર, (૬) દક્ષાબેન તે રામચંદ્રભાઈ પટેલની વિધવા, (૭) પાર્થિવકુમાર રામચંદ્ર પટેલ, (૮) તેજલબેન પાર્થિવકુમાર પટેલ તથા (૯) તીર્થકુમાર પાર્થિવકુમાર પટેલ** નાઓએ તેમની સંયુકત માલિકીની પ્રત્યક્ષ કબજા-ભોગવટા, વહીવટ-વ્યવસ્થા હેઠળની તેમજ નકરજી નબોજી, ચોખ્ખા કલીયર અને માર્કેટેબલ ટાઈટલ્સ વાળી હોવાનું યા કરી-કરાવી આપવાની ખાત્રી ભરોસો અને વિશ્વાસ આપી હમારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે. જેથી સદરહું જમીન ઉપર અન્ય કોઈ ભાગીદારો, વારસદારો, વ્યકિત, સંસ્થા, મંડળી, ખાનગી ભાગીદારો, બેંક વિગેરે હર કોઈના લાગભાગ, હકક-હિસ્સા, દર-દાવા, જમી-અવલજમી, લેણું-બોજા સોદા-સાટાખત, પાવર ઓફ એટર્ની જેવા લેખો યા કોઈપણ પ્રકારના કોર્ટ પ્રકરણો વિગેરે હોય તો તેમણે કાયદેસરના પ્રમાણીત પુરાવા સહીત **દીન-૭ માં,** તે અંગેની સંપુર્ણ લેખિત ખાત્રી હમોને રૂબરૂ મળી કરાવવી, મુદત વિત્યા બાદ કોઈના કોઈપણ પ્રકારના સદરહું જમીનમાં હિત, સબંધ, હક-હિસ્સા કે લાગભાગ, દર-દાવા, કબજા-ભોગવટા યા ઈઝમેન્ટના હકકો વિગેરે નથી અને હોય તો તે જતા કર્યા છે એમ માની લઈ હમારા અસીલ મજકુર માલિકો સાથે વેચાણ અંગેના વ્યવહારો પુર્ણ કરી જરૂરી કાયદેસરના લખાણો-દસ્તાવેજ વિગેરે કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર, વાંધો-વિરોધ, દર-દાવા વિગેરે ચાલશે નહી, તેની આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામે નોંધ લેવી.

તા. ૧૬/૦૩/૨૦૨૬
ઠે. એ/૬૦૬, છઠોમાળ, આરજેડી બીઝનેસ હબ, નગીનાવાડી-ગજેરા સર્કલ રોડ, કતારગામ, સુરત-૩૯૫૦૦૪

અસીલોની સુચના અને ફરમાઈશથી
**અક્ષય એલ. વઘાસીયા**
**વિશાલ આર. સલીયા**
એડવોકેટ્સ

### વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતાં વળગતાં તમામને જણાવવાનું કે સુરત ડીસ્ટ્રીકટ, ઓલપાડ સબ ડીસ્ટ્રીકટ રાજનગરનાં (૧) રે.સ.નં.૧૧૭ જેનો **બ્લોક નં.૧૭૭/અ** વાળી ૧-૩૯-૮૭ હેક.આરે.ચો.મી. જેનો આકાર રૂા. ૨૦.૫૫ પૈસા જેનો ખાતા નં.૨૩૩ તથા (૨) રે.સ.નં. ૧૧૭ **બ્લોક નં. ૧૭૭/બ** વાળી ૧-૨૯-૨૫ હેક.આરે.ચો.મી. જેનો આકાર રૂા. ૨૧.૪૫ પૈસાવાળી જમીન જેનો ખાતા નં.૩૯૦ વાળી જમીનનાં માલીકો (૧) શૈલેષકુમાર રણછોડભાઈ સેલર (૨) કૌશીકકુમાર રણછોડભાઈ સેલર (૩) રક્ષાબેન શૈલેષકુમાર સેલર (૪) મયુર શૈલેષકુમાર સેલર (૫) મધુર શૈલેષકુમાર સેલર (૬) મનીષાબેન કૌશીકકુમાર સેલર (૭) નંદકુમાર કૌશીકકુમાર સેલર (૮) દેવાંગી કૌશીકકુમાર સેલર ની સ્વતંત્ર, કબજા, ભોગવટાની, સ્વપાર્જીત ચાલી આવેલ હોવાનું જણાવતાં તેઓ કનેથી મજકુર જમીનો હમારા અસીલે ખરીદ કરવાનું નક્કી કરેલ છે સબબ મજકુર જમીનો બાબત કોઈપણ વ્યકિતનો, સંસ્થાનો કોઈપણ પ્રકારનો હકક, હીત, સંબંધ હીસ્સો, કબજો, ભોગવટો, લાગભાગ, સાટાખત કે નાણાંકીય લેવડદેવડ બાકી હોય અગર અન્ય કોઈપણ પ્રકારના હક્કો ચાલી આવેલ હોય અગર સમાયેલ હોય તો તેમણે તે બાબતનાં પુરાવાઓ સહીત દિન દસમાં હમો એડવોકેટશ્રીનો રૂબરૂ સંપર્ક દસ્તાવેજી પુરાવાઓ સહીત લેખીતમાં જાણ કરવી. તેમ કરવામાં કસુર થયેથી નોટીસની મુદત વીત્યે મજકુર જમીનો સબંધિત કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હીસ્સો, કબજો, સાટાખત, લખાણો, નાણાંકીય લેવડદેવડ બાકી નથી યા હોય તો તે તેઓએ ઉપરોકત માલીકોનાં લાભમાં જતો કરેલ છે તેમ સમજી હમારા અસીલ સદર જમીનો બાબત કાયદેસરનાં લખાણો તથા વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈપણ વ્યકિતની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહીં અને કરશે તો તે તમામ રદબાતલ ગણાશે સહી તેની તમામે ગંભીર નોંધ લેવી.

**દિનેશકુમાર આર. પટેલ** એડવોકેટ & નોટરી
તે મજકુર જમીન ખરીદનારનાં એડવોકેટ
ઓફીસ: સી/૬૦૧, શ્રીજી આર્કેડ, ભુલકાભવન સ્કુલની પાછળ, આનંદમહલ રોડ, સુરત મો.૯૮૨૫૫૬૮૦૮૫

### - : : વેચાણ અંગેની જાહેર નોટીસ : : -

ડીસ્ટ્રીકટ ભરૂચ સબ ડીસ્ટ્રીકટ જગડીયા તાલુકે જગડીયા ના **મોજે ગામ રાજપારડી** ની સીમનો રે.સ.નં./બ્લોક.નં ૭૪૩, સીટી સર્વે ઓફીસ : ભરૂચ, વોર્ડ : રાજપારડી (બીનખેતી), સીટી સર્વે.નં. **NA૭૪૩**, જેનું ક્ષે.૧૦૩૦૦.૦૦ ચો.મી. થી નોંધાયેલ છે તે ઔધોગીક હેતુની બીન ખેતીની ખુલ્લી જમીન વાળી મિલકત **ભાવનાબેન મનજીભાઈ પટેલ (આંબલીયા)તે અશોકભાઈ પટેલના પત્ની,** નાઓએ તેઓની સ્વતંત્ર માલીકી, પ્રત્યક્ષ કબજા ભોગવટાની તથા ચોખ્ખા માર્કેટેબલ ટાઇટલ વાળી હોવાનું જણાવીને મારા અસીલને વેચાણ આપવા નક્કી કરેલ છે. જેથી સદરહુ જમીનમાં કોઇના કંઇપણ પ્રકારના લખાણ કે કંઇપણ પ્રકારનો લાગભાગ, દરદાવો, હક્ક, હિત, હિસ્સો કે ઇઝમેન્ટનો બોજાનો, કે બેંક કે અન્ય સંસ્થાના બોજાનો, સંપાદનનો કે અન્ય તરહનો કોઇ હક્ક હિત હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દીન-૭ માં અમારી ઓફીસે લેખીતમાં પુરાવા સાથે વાંધાઓ રજુ કરવા, જો તેવા કોઇ વાંધા નિયત સમયમર્યાદા દરમ્યાન નહી આવે તો કોઇના પણ હક્ક દાવાઓ કે વાંધાઓ નથી અને જો હોય તો તેમણે જતા કરેલા યાને વેવ કરેલા છે. તેવુ સમજી મારા અસીલ સદર મીલકતો અંગેના ઉપરોક્ત માલીકો સાથેના જરૂરી સરકારી પરવાનગી મેળવી વેચાણ વ્યવહારો પુર્ણ કરી સદર જમીનનો રજી.વેચાણ દસ્તાવેજ કરાવી લેશે, ત્યારબાદ કોઇની કોઇપણ જાતની તર-તકરાર કે વાંધો વિરોધ ચાલશે નહી. તેમજ મારા અસીલની કોઇપણ જાતની જવાબદારી રહેશે નહી. તેની જાહેર જનતાએ નોંધ લેવી.

ઓફીસ :- ૨૧૪, પાર્લે સ્કવેર, અક્ષરવાડી સામે, ડભોલી ફાયર સ્ટેશન પાસે, કતારગામ, સુરત. ૩૯૫૦૦૪
**હેમાંગકુમાર જે. કેવડીયા**
એડવોકેટ

### સુરત ડિસ્ટ્રીકટ, કતારગામ સબ-ડીસ્ટ્રીકટ, મોજે ગામ વેડના રે.સ.નં.૭૦/૧, ૭૨, ટી.પી.સ્કીમ નં.૫૦ (કતારગામ)ના ફાયનલ પ્લોટ નં.૫૧ થી નોંધાયેલી જમીન ઉપર ''લા મેન્સા મલ્ટી કયુઝીન'' રેસ્ટોરન્ટ તથા ''એપ્રીકોટ ડોમ'' બાબતેની એડવોકેટશ્રી દક્ષલ એસ. ચૌહાણ મારફતે તા.૨૬/૦૨/૨૦૨૬ ના રોજના દૈનિક ગુજરાતમિત્રમાં પ્રસિધ્ધ કરાવેલ જાહેર ચેતવણી વિરૂધ્ધનો જાહેર જવાબ તથા ખુલાસો.

આથી જાહેર જનતાને જણાવવાનું કે, સુરત ડિસ્ટ્રીકટ, કતારગામ સબ-ડીસ્ટ્રીકટ, મોજે ગામ વેડના રે.સ.નં.૭૦/૧, ૭૨, ટી.પી.સ્કીમ નં.૫૦(કતારગામ)ના ફાયનલ પ્લોટ નં.૫૧ થી નોંધાયેલી જમીન હમારા અસીલ કેવલ ભરતભાઈ પટેલ, જયોતીબેન જશવંતભાઈ પટેલ, હીરેન જશવંતભાઈ પટેલ તથા કૃતિકા જશવંતભાઈ પટેલ વિગેરે નાઓની સંયુકત માલિકી, કબજા, ભોગવટા, વહીવટની ચાલી આવેલ છે. સદરહુ મિલકત હમારા અસીલોએ કરાર થકી રવિન્દ્રકુમાર કનુભાઈ ગોરસીયા નાઓને માત્ર પાર્ટી પ્લોટ તથા ફેર એન્ડ એકઝીબીશન (ટેમ્પરરી સ્ટ્રકચર)ના હેતુ માટે વાપરવા માટે આપેલ હતી અને તેઓ સાથે થયેલાં કરાર મુજબ તેઓએ સદરહુ મિલકત કોઈપણ વ્યકિત, સંસ્થા, પેઢી વિગેરેને વપરાશે, ભાડે, પેટા ભાડે આપવાની ન હતી કે તેઓએ સદરહુ મિલકતના કોઈપણ હકકો ગુડવીલથી કે કોઈપણ હકકે કોઈપણ રીતે કોઈપણ શખ્સને ટ્રાન્સફર કે એસાઈન કરવાના ન હતા. આમ, સદરહુ જમીન બાબત માત્ર અને માત્ર રવિન્દ્રકુમાર કનુભાઈ ગોરસીયાને વાપરવા માટે આપેલ હતી. સદરહુ મિલકત હમારા અસીલોએ હરેશભાઈ કરસનભાઈ સોરઠીયા કે સરલાબેન કરસનભાઈ સોરઠીયા નાઓને કયારેય પણ કોઈપણ રીતે કબજે સુપ્રત કરેલ નથી કે તેઓ સાથે સદરહુ મિલકત બાબતે કોઈપણ જાતના કોઈપણ પ્રકારના કાયદેસરનાં લખાણો પણ કરેલાં નથી. એડવોકેટશ્રી દક્ષલભાઈ ચૌહાણની નોટીસમાં જણાવેલ રોયલ કેસલ એક ભાગીદારી પેઢી કે તેનાં ભાગીદારોને સદરહુ મિલક્ત ક્યારેય પણ આપવામાં આવેલ નથી કે તેઓને સદરહુ મિલકતમાં તેઓની નોટીસમાં જણાવેલ ''લા-મેન્સા મલ્ટી ક્યુઝીન'' રેસ્ટોરન્ટ તેમજ ''એપ્રીકોટ ડોમ'' ના હેતુ માટે આપવામાં આવેલ નથી. સદરહુ મિલકત ખેતીની જમીન છે અને તે બાબત કોઈ બીનખેતીના હુકમો સક્ષમ હકુમત ધરાવતા સત્તાધીશો દ્વારા મંજુર કરવામાં આવેલા નથી કે સદરહુ મિલકત બાબત કોઈ પ્લાન પણ મંજુર કરવામાં આવેલા નથી અને મિલક્તના માલિકો પૈકી જશવંતભાઈ પટેલ નાઓ તા. ૧૯/૦૪/૨૦૨૧ ના રોજ ગુજરી ગયેલ હોવા છતાં તેઓની સહીવાળા સને ૨૦૨૨ માં ખોટાં, બોગસ અને બનાવટી લેખો જમીન પચાવી પાડવાના હેતુથી ઉભાં કરવામાં આવેલ છે અને સદરહુ હકીકતથી એડવોકેટશ્રી દક્ષલ એસ. ચૌહાણના અસીલો માહિતગાર હોવા છતાં આવા લખાણોના આધારે તેઓએ સદરહુ મિલકતમાં ખોટાં હકકો ઉભાં કરવાના પ્રયત્નો કરેલાં છે અને તેના ભાગ સ્વરૂપ હરેશભાઈ કરસનભાઈ સોરઠીયા વિગેરે નાઓએ તા.૨૬/૦૨/૨૦૨૬ ના રોજની તદ્દન ખોટી નોટીસ પોતાના એડવોકેટશ્રી મારફતે પ્રસિધ્ધ કરાવેલ છે. જેનાથી કોઈપણ વ્યકિતએ ગેરમાર્ગે દોરવાવું નહી. હરેશભાઈ કરસનભાઈ સોરઠીયા તથા તેઓના મળતિયાં એવાં તમામ વિરૂધ્ધ હમારા અસીલો સદરહુ મિલકત બાબત ખોટાં દસ્તાવેજો ઉભાં કરવા, સદરહુ મિલકતમાં ખોટાં કબજા હકકો ઉભાં કરવાના પ્રયત્નો કરવા સબબ તથા ખેતીની જમીનમાં કોઈપણ જાતની કાયદેસરની પરવાનગી વિના ગેરકાયદેસરનાં કૃત્યો કરવા બદલ કાયદેસરની કરવી પડતી તમામ કાર્યવાહીઓ કરનાર છે. તેથી સદરહુ મિલક્ત બાબત હમારા અસીલની લેખીત પરવાનગી વિના કોઈપણ વ્યકિતએ હમારા અસીલો સિવાય કોઈની સાથે કોઈપણ પ્રકારના વ્યવહારો કરવા નહી કે મિલકતમાં હમારા અસીલની પરવાનગી વિના અપપ્રવેશ કરવો નહી. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

**જનક એચ. ટાલિઆ | પાર્થ આર. ધારાણી | અલ્પેશ એસ. ભગત**
કેવલ ભરતભાઈ પટેલ વિગેરેના એડવોકેટસ
ઠે.: ૫૬-૫૭, એ-વિંગ, રીવર પેલેસ, બહુમાળી બિલ્ડીગની પાસે, નાવડી ઓવારાની બાજુમાં, નાનપુરા, સુરત-૩૯૫૦૦૧.